# એડીનેટ ઈ – ન્યુઝ ડાયજેસ્ટ

## નં-૫૮ જુલાઈ–૨૦૧૯


| CONTENTS | Page No. |
|---|---|
| થોભો અને વિચારો - દાદા વાસવાની | ૨ |
| ઈ-વિધાન | ૨ |
| સોફ્ટ સ્કિલ | ૩ |
| સોફ્ટ સ્કિલ કે જેની માંગ છે | ૩ |
| ૨૦૧૯ નું સારું ફ્રી સોફ્ટવેર | ૪ |
| ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ પર જીએસટી નો પ્રભાવ | ૪ |
| યુનિવર્સીટીઓના બદલાતા વિચારો | ૪ |
| વિજ્ઞાનને એકસેસિબલ બનાવવા | ૪ |
| “લાઈબ્રેરિયને ટેક્નોલોજી વિશે અપડેટ થવું આવશ્યક છે”: ગવર્નર વજુભાઈવાળા | ૫ |
| યુજીસીએ જેઆરએફ અને એસઆરએફ ફેલોશિપ માં વધારો સુચવ્યો છે. | ૫ |
| એલેક્સા વર્ગખંડ માં છે? એમેઝોનના અવાજ સહાયક લીડ્ઝ કિડ્સ સ્ટોરી ટાઇમ | ૫ |
| મહારાષ્ટ્ર: ગ્રામીણ વિસ્તારમાં લાઈબ્રેરીની શરૂઆત કરવા માટે યુવાનોએ ૫૪૦૦૦ પુસ્તકો ભેગા કર્યા. | ૬ |
| સ્ટ્રાઇડ સંશોધન ક્ષમતા નિર્માણ તેમજ બેઝિક, અપલાઈડ અને ટ્રાંસફરમેશનલ એકશન રિસર્ચને સમર્થન આપશે જે રાષ્ટ્રીય હિતમાં ફાળો આપી શકે છે. | ૬ |
| સ્ટ્રાઇડ ના હેતુઓ | ૬ |
| સ્ટ્રાઇડના ઘટકો | ૭ |
| એપ્લિકેશન જમા કરાવવાની છેલ્લી તારીખ: | ૭ |

| ડેટાબેઝ | ૭ |
|---|---|

વપરાશકર્તાઓની સંશોધન પ્રવૃત્તિઓ અને સિધ્ધિઓ પ્રદર્શિત કરવામાં આવે છે. મહેરબાની કરીને તમારા ધ્વારા અમલમાં કરવામાં આવેલી કોઈપણ નવી પહેલની સંક્ષિપ્ત લખાણ મોકલો, જે સેમિનાર પ્રોસિડિંગ્સમાં સમાવવામાં આવશે.

**થોભો અને વિચારો**

મારો દરેક વિચાર, પ્રત્યેક શબ્દ, દરેક કાર્ય, ઉદભવતી દરેક લાગણી, જાગૃતિ દરેક સંવેદના, એ મારા મનના ખેતરમાં વવાતા બીજ છે અને તે મને તેના સુંદર ફળ આપશે જ.

**દાદા વાસવાની**

પ્રિય વ્યવસાયિક મિત્રો,

૧૪-૦૯-૨૦૧૯ ના રોજ યોજાનારા લાઈબ્રેરીયન ડે ના સેમિનાર માટે, અમને થોડા લેખ મળ્યા છે, જો તમારી ઈચ્છા લેખ મોકલવાની હોય તો વહેલી તકે અમને લેખ મોકલવી આપો.

અમે પેનલ ડિસ્કસન નું આયોજન કરી રહ્યા છે. અમે કોઈપણ નવીન વિચારોને આમંત્રિત કરીએ છીએ જે તમારી લાઇબ્રેરીમાં લાગુ કરવામાં આવ્યા હોય.

દાખલા તરીકે, નિરમા યુનિવર્સીટી લાઈબ્રેરીમાં, તેઓએ એક રિસર્ચ વોલ અમલમાં મૂકી છે જેના પર તેમના

## લાયબ્રેરીયન્સ ડે ૨૦૧૯

**એડીનેટ અને ફીઝીકલ રીસર્ચ લેબોરેટરી સંયુકત રીતે એક દિવસીય સેમિનાર ૧૪ સપ્ટેમ્બર-૨૦૧૯ના રોજ પી.આર.એલ. ખાતે યોજશે.**

**આ વર્ષે એડીનેટ ૨૫ વર્ષ ઓક્ટોબર ૨૦૧૯માં પુરા કરે છે. તેથી આ વખતે લાયબ્રેરીયન્સ ડે અને એડીનેટ ૨૫ વર્ષની ઉજવણી સાથે થશે. વીતેલા વર્ષોમાં આ સફર રચનાત્મક અને સફળ રહી. અનેક મુશ્કેલીઓ અને સ્ત્રોતોના અભાવ છતાં કેટલાય શીખરો એડીનેટે સર કર્યા છે અને હજી પ્રગતિના માર્ગે સફર ચાલુ છે અને રહેશે.**

**સેમિનારનો મુખ્ય વિષય છે ફ્યુચર લાયબ્રેરીઝ : ઓવર કમીંગ ચેલેન્જીઝ (ભવિષ્યના ગ્રંથાલયો : પડકારોને ઝીલવા)**

**પેટા વિષયો :**

**૧. ભવિષ્યમાં ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ**

૨. રાષ્ટ્રીય વિકાસમાં લાયબ્રેરીયનની ભૂમિકા.

**૩. રચનાત્મક સેવાઓનું પ્રદાન.**

**Registration can only be done Online**

**લાયબ્રેરીયન્સ ડે ૨૦૧૯** : ઓનલાઈન ચૂકવણી અને નોંધણી માટેના સ્ટેપ

નોંધણી માટેની છેલ્લી તારીખ ૨3.08.2019

સ્ટેપ ૧: ઓનલાઈન ચૂકવણી

નીચે પ્રમાણે ડેલીગેટ નોંધણી ફી છે.

Rs. ૮00/- ઇન્સ્ટીટયુટ સ્પોન્સર

Rs. ૪00/- વ્યક્તિગત

Rs. 300/- વ્યક્તિગત (એડીનેટના સભ્યો માટે)

Rs. ૧૫0/- વિધાર્થીઓ માટે

કૃપા કરીને સંબંધિત શ્રેણી માટે ફી ચૂકવો.

અહીં ક્લિક કરો.

https://www.onlinesbi.com/sbicollect/icollecthome.htm?corpID=956972

સ્ટેપ ૨ : માહિતી સાથે રાખો

ફી ભર્યાની SBI COLLECT REFERENCE NUMBER તૈયાર રાખો અને ઓનલાઈન નોંધણી માટે તમારો ફોટો (માત્ર જેપીઈજી ફાઈલ: વધારેમાં વધારે સાઈઝ ૨૦ kb)

સ્ટેપ 3:ઓનલાઈન નોંધણી સ્ટેપ ૨ પૂર્ણ થયા ગયા બાદ કૃપા કરીને અહીંયા નોંધણી કરો https://www.prl.res.in/recruit/adinet/

સ્ટેપ ૪ : નીચે જણાવેલ (વસ્તુઓ) સેમિનાર સ્થળ (**PRL**) પર લઈને આવો.

૧) નોંધણી કર્યા બાદ તમને મળેલ ઈ-મેઈલમાં આપેલ પ્રવેશ પત્રની હાર્ડકોપી

૨) તમારો ફોટો આઈડી કાર્ડ.

રાજ્યવ્યાપી પ્રોજેક્ટની અંતર્ગત કેરાલાની શાળાઓએ શિક્ષણ માટે ઉપલબ્ધ કોમ્પ્યુટર માટે લિનક્સ ઓપનસોર્સ ઓપરેટિંગ સિસ્ટમ પસંદ કરીને આશરે રૂપિયા 3૦૦૦ કરોડ બચાવ્યા છે.

**Source|** https://www.financialexpress.com/industry/technology/kerala-schools-to-save-rs-3000-crore-by-using-linux-os/1577396/

**સોફ્ટ સ્કિલ :-**

સોફ્ટ સ્કિલ એ વ્યક્તિગત લક્ષણ છે જે પરિસ્થિતિકીય જાગૃતતાને સમર્થન આપે છે અને નોકરી મેળવવા માટેની વ્યક્તિની ક્ષમતાને વધારે છે. સોફ્ટ સ્કિલ શબ્દનો ઉપયોગ ઘણી વખત લોકોની કુશળતા અથવા ભાવનાત્મક બુધ્ધિશાળી ના સમાનાર્થી તરીકે થાય છે. બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ અને નેતાઓ જયારે કર્મચારીઓની નિયુક્તિ કરે છે, ત્યારે સોફ્ટ સ્કિલ ને વધુ મહત્વ આપે છે કેમ કે આધુનિક સંગઠનો ની સફળતા માટે કર્મચારીઓ આવશ્યક છે. ૨૦૧૮ માં લિંકડઈને લીડરશીપ, કોમ્યુનિકેશન, કૉલાબરેશન અને ટાઈમ મેનેજમેન્ટ વગેરે સૌથી વધુ માંગ આ ચાર સોફ્ટ સ્કિલની છે એવુ સૂચવ્યું છે.

**સોફ્ટ સ્કિલ કે જેની માંગ છે :-**

જયારે ઉચ્ચ સ્તરીય ભાવનાત્મક બુધ્ધિશાળી ધરાવતા કર્મચારીઓ સારી સંચાર કુશળતા અને આંતર વ્યકિતગત કુશળતા ધરાવે છે, ત્યારે તેઓ લક્ષ્ય ને સ્પષ્ટ કરવામાં અને ટીમને દોરવણી સારી રીતે આપી શકે છે.

એવા વ્યવસાય કે જેમાં ગ્રાહક સેવા/ સંબંધ ઘટક છે, તેમાં મજબૂત સોફ્ટ સ્કિલ એ વ્યાપક પ્રશિક્ષણ પૂરું પાડયા વિના ગ્રાહક અને કંપની વચ્ચે હકારાત્મક સંબંધને સુનિશ્ચિત કરવાનો એક માર્ગ છે. નીચે કેટલાક સોફ્ટ સ્કિલ ના ઉદાહરણો આપ્યા છે:

- સર્જનાત્મકતા
- દ્રઢ વિશ્વાસ
- પ્રામાણિક અને સંપૂર્ણતા

- મિત્રતા
- અસરકારક રીતે સમય વ્યવસ્થા કરવાની ક્ષમતા
- શિષ્ટાચાર
- ઉત્સાહ
- હકારાત્મક અભિગમ
- સારી ક્ષવણ કુશળતા
- વિગતવાર ધ્યાન
- મોટા ચિત્રને સમજવાની ક્ષમતા
- સ્વ પ્રેરિત
- કોઠા સૂઝ
- સારો નિર્ણય લેવાની ક્ષમતા
- અન્ય લોકો માટે સહાનુભૂતિ
- કેમ્યુનિકેશન સ્કિલ
- અંત સુધીમાં મુશ્કેલ કામ જોવાની ઈચ્છા
- કશું કામ ન થતું હોય ત્યારે દિશા બદલવાની ઈચ્છા
- વાટાઘાટો કરવાની ક્ષમતા




## ૨૦૧૯ નું સારું ફ્રી સોફ્ટવેર :-

તમારા ફોન એપ્લિકેશન થી ભરેલો હોય છે, પરંતુ ડેસ્કટોપ ને અવગણો નહી. આ મફત પ્રોગ્રામો તમારા જીવનને પીસી અને બ્રાઉઝર પર વધુ સારા બનાવી શકે છે.

## ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ પર જીએસટી નો પ્રભાવ:-

ચાલો 'ભારતમાં અભ્યાસ કરીએ'! આ પ્રાપ્ત કરવા માટે સરકારે વ્યવસાયિક ભાગીદાર ની જેમ પ્રગતિશીલ વિચારવાની જરૂર છે. ભારત જેવા દેશમાં શિક્ષણ નું મહત્વ ઓછું થઈ શકતું નથી, જ્યાં તેની અડધી ઉપરની વસ્તી ૨૫ વર્ષથી ઓછી ઉંમરની છે. આવનારા વર્ષોમાં દેશમાં રોજગારી માટેની મોટી માંગ પૂરી કરવાની જરૂર પડશે, આવા વાતવરણમાં પડકારરૂપ સંભાવના જે રોબોટિક્સ અને કૃત્રિમ બુધ્ધિ દ્વારા પ્રભાવિત થઇ શકે છે.

નોકરીઓ સર્જનાત્મક સમસ્યાનું નિરાકરણ એનાલિટિક્સ અને નિર્ણાયક વિચારસરણી માટે કૉલ કરશે. તેથી ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ ની સહાય કરવી જે અદ્યતન જ્ઞાન આપી શકે છે, ઘણીવાર વિદેશી સંસ્થાઓ સાથે સંકલન કરવામાં આવે છે, તે સમયની માંગ છે.

જીએસટી કાઉન્સિલે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા તેમના વિધાર્થીઓ ને આપવામાં આવતી સેવાઓને મુક્તિ આપવાનો નિર્ણય ચાલુ રાખવો એ યોગ્ય દિશામાં એક પગલું છે. વિવિધ પ્રકારની શૈક્ષણિક સેવાઓનો લાભ મેળવતી વખતે ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ એ જીએસટી ચુકવવા પડશે.

**Source | Economic Times | 4th June 2019**

## યુનિવર્સીટીઓના બદલાતા વિચારો :-

આ સરકારની પહેલી દરખાસ્ત શિક્ષણ માટે ૧૦૦ દિવસની કાર્ય યોજના જાહેર કરવાની હતી. તેમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ઘડવાની, યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશને અન્ય સંસ્થા સાથે બદલવાની અને શ્રેષ્ઠ દસથી વધારે સંસ્થાઓને ઉમેરવી વગેરે નો સમાવેશ થાય છે. આ માત્ર તે જ ચાલુ છે જે અગાઉની સરકાર કરી રહી હતી. ભારતીય જનતા પાર્ટી શિક્ષણ અને સંસ્કૃતિ માં ઊંડો રસ ધરાવે છે.

**Full Info | The changing idea of a university**

## વિજ્ઞાનને એકસેસિબલ બનાવવા આપણે વૈજ્ઞાનિક જ્ઞાનને કેવી રીતે ગોઠવીએ છીએ તે અંગે ફરીથી વિચારવું જોઇએ :-

સ્વ:સુધારણા કરવાની ક્ષમતાને વિજ્ઞાનની છાપ માનવામાં આવે છે. જર્નલ્સ એવી સામગ્રી પ્રકાશિત કરે છે જે નવા માર્ગે ક્ષેત્રને આગળ ધપાવે છે. અભ્યાસો કે જે અગાઉના તારણોના નકારાત્મક અથવા બિન-પુષ્ટિકારી પરિણામો આપે છે તેને પ્રાધાન્ય મળતું નથી, પરિણામે પરિણામોની અપર્યાપ્ત નકલ થાય છે. ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે પીઅર-રીવ્યુ પ્રક્રિયાને સમીક્ષકોના વ્યક્તિગત હિતો સાથે જોડી શકાય છે. વૈજ્ઞાનિક તારણોના પ્રસારને ઑનલાઇન ખસેડ્યા પછી પણ આ મૂળભૂત સ્વરૂપ જાળવી રાખ્યું છે.

આપણે વૈજ્ઞાનિક જ્ઞાનને કેવી રીતે ગોઠવીએ છીએ અને તે પત્રિકા સ્વરૂપે માળખાગત રીતે ચાલુ રાખવું જોઈએ છે કે નહિ તે અંગે ફરીથી વિચારવુ જોઈએ. લવાજમ ફી ના કારણે સામાન્ય નાગરિકો માટે સંશોધન લગભગ ઇનએકસેસિબલ બની ગયુ છે. શૈક્ષણિક પ્રકાશન માં વધુ લોકશાહી, ગતિશીલ અને સહયોગી પ્રકિયા ને સ્વીકારવી આવશ્યક છે. જયારે નવા ઓપન એક્સેસ મોડેલના વિવિધ પ્રકારો નો હેતુ વાચક ને પ્રકાશિત સંશોધન ફ્રી અને ઓનલાઈન આપવાનો છે, પ્રકાશનની ફી લેખક, કર્મચારી અને સંશોધન અનુદાન દ્વારા મેળવવા માં આવે છે. નફો મેળવવા માટે પ્રકાશકો ક્યારેક ગુણવતા સાથે સમાધાન કરે છે અને અયોગ્ય એવા લેખો ને સ્વીકારે છે.

એમઆઈટી ના પ્રોજેક્ટ ઓપનવેટવેર હેઠળ દુનિયાની જુદીજુદી સંસ્થાઓની ૨૦ લેબ્સ વિકિ આધારિત સાઇટનો ઉપયોગ ડેટા, સામગ્રી અને સાધનોને વહેંચવા માટે કરે છે.

**Source | The Hindu | 5th June 2019**

## “લાઈબ્રેરીયને ટેક્નોલોજી વિશે અપડેટ થવું આવશ્યક છે”: ગવર્નર વજુભાઈવાળા :-

ડિજિટલ ટેક્નોલોજીના જમાનામાં, માહિતી સરળતાથી મેળવી શકાય છે. આ હકારાત્મક સંકેત છે કે પૌરાણિક પુસ્તકોને ડિજીટાઈઝ્ડ કરવામાં આવ્યા છે અને આ પુસ્તકો ઓનલાઈન ઉપલબ્ધ છે.

**Full Info | https://timesofindia.indiatimes.com/city/hubballi/librarians-must-be-updated-about-technology-vala/articleshowprint/69681622.cms**

## યુજીસીએ જેઆરએફ અને એસઆરએફ ફેલોશિપ માં વધારો સુચવ્યો છે :-

યુજીસીએ જાન્યુઆરી ૧, ૨૦૧૯ થી વિજ્ઞાન, માનવતા અને સામાજિક વિજ્ઞાન માં જુનિયર રિસર્ચ ફેલોશિપ અને સિનીયર રિસર્ચ ફેલોશિપ ની સુધારેલી ફેલોશિપ રકમની સૂચના આપી, વાસ્તવિકતાઓને ધ્યાનમાં રાખીને વિધ્વાનોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ મિશ્ર પ્રતિસાદ આપ્યો છે.

જુનિયર રિસર્ચ ફેલોશિપ મેળવતા વિધાર્થીઓને મહિને Rs. ૨૫૦૦૦ ના બદલે Rs. ૩૧૦૦૦ સ્ટાઈપન્ડ મળશે, જયારે સિનીયર રિસર્ચ ફેલોશિપ મેળવતા વિધાર્થીઓને મહિને Rs. ૨૮૦૦૦ ના બદલે Rs. ૩૫૦૦૦ સ્ટાઈપન્ડ મળશે.

**Source| https://timesofindia.indiatimes.com/**

## એલેક્સા વર્ગખંડ માં છે? એમેઝોનના અવાજ સહાયક લીડ્ઝ કિડ્સ સ્ટોરી ટાઇમ :-

એમેઝોન.કોમ ઈન્ક નું એલેક્સા સ્ટોરી ટાઈમ ચલાવતું હતું, વાર્તાને મોટા અવાજે વાંચવા માટે વ્યવસાયિક નાટકોને લાઈનમાં મૂકતા, બાળકોને તેમના રોબોટ અવાજમાં પુછપરછ થતી અને કોઈ બાળકને જયારે “ ડેની ડકના ગ્મ્પી ડે” વિશેના પ્રશ્નોના જવાબ સારી રીતે ન આપી શક્યા ત્યારે તેમને સંકેતો આપવામાં આવ્યા.

ઈરિના ફાઇને બૅમ્બુ લર્નિંગ ઈન્ક દ્વારા બનાવેલ શૈક્ષણિક વોઈસ સોફ્ટવરના નવીનતમ

પુનરાવર્તનને ચકાસવા માટે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનો સમૂહને બોલાવ્યો હતો. ફાઈન કહે છે કે, "યુવાન પેઢી સાથે અવાજ માટે પંસદગી છે." " તે દરેક જગ્યાએ હોવાનું કલ્પના કરવી મુશ્કેલ છે."

ફાઇન અને લેન ફ્રીડ દ્વારા સ્થાપિત, એમેઝોનના ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવસ જેમણે એલેક્સાને વિશ્વમાં રજુ કરવામાં મદદ કરી હતી, બૅમ્બુ એ એમેઝોન જેટલી મહત્વકાંક્ષા રાખે છે.ફ્રીડ કહે છે કે, "અમારું ધ્યેય વૉઇસ સંચાલિત શિક્ષણમાં અગ્રણી કંપની બનાવવું છે."

ગયા વર્ષે બૅમ્બુ એ ત્રણ એલેક્સા સ્કીલની શરુઆત કરી. જેમાં નાના પાઠો, સંગીત થીયરી પર પ્રશ્નોતરી, ગણિત અને વાંચન છે. આ બધાને એમેઝોન ઉપકરણો જેમકે ઇકોશો અને ફાયર ટીવી ક્યુબ સાથે કામ કરવા માટે ડીઝાઇન કરવામાં આવ્યું છે, જે એલેક્સાને ફક્ત વોઈસ-ગેજેટ્સ ઉપરાંત દ્રશ્ય સહાયકોનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. બુધવારે ચોથી સ્કીલની શરુઆત થઈ: બાળકો માટે હાઈલાઈટ્સ સાથે ભાગીદારીમાં સ્ટોરી બુક પ્રોગામ, જે ૭૩ વર્ષ જૂનુ બાળકો માટેનુ મેગેઝીન છે.

બૅમ્બુ જ માત્ર શિક્ષણ માટે વોઈસ સોફ્ટવેર અપનાવી નથી રહ્યું. એક એપ્લિકેશન ડિપ્યુટાઝેસ એલેક્સા એ યુવાન સ્કૂલ બાળકો માટે શિક્ષણ સહાયક છે, ટાઈમસૅ અને કાઉન્ટડાઉન ઓફર કરે છે, આ ઉપરાંત મેડિટેશન અને ડાન્સ સેશનને ગાઈડ કરે છે. કૉલેજ સ્માર્ટ સ્પીકર્સ પર કેમ્પસ માહિતીને પ્રસારિત કરવા અને સામાન્ય પ્રશ્નોના જવાબ આપવા માટે ડર્મ્સ સજ્જ કરી રહ્યાં છે.

**Source|** https://www.bloomberg.com

**મહારાષ્ટ્ર: ગ્રામીણ વિસ્તાર માં લાઈબ્રેરી ની શરુઆત કરવા માટે યુવાનોએ ૫૪૦૦૦ પુસ્તકો ભેગા કર્યા :-**

**કોલ્હાપુર** : એક ઉમદા કારણસર તેઓ પુસ્તકો ભેગા કરનાર છે. ગ્રામીણ વિસ્તારમાં કોઇ પણ સ્કૂલમાં લાઈબ્રેરી નથી, જયારે બાળકો ને તેમના પાઠયપુસ્તકો સિવાયના અન્ય પુસ્તકો વાંચવા ઇચ્છે છે આવી પરિસ્થિતિથી વાકેફ થઇને, કોલ્હાપુરના કેટલાક યુવાનોએ શહેરના પછાત વિસ્તારો તેમજ જિલ્લાના દૂરના ગામોમાં લાઇબ્રેરી સ્થાપવા માટે પુસ્તકો ને ભેગા કરવાનું શરૂ કર્યું. આ યુવાનોએ [મોટાભાગના યુવાનો ઓલ ઇન્ડિયા સ્ટુડન્ટ ફેડરેશન માંથી હતા] તેમના વિચાર ઉમા પનસારેને જણાવ્યો હતો, તેમણે પુસ્તકોનું દાન કરીને આ વિચારને ટેકો આપ્યો હતો.

આ પછી, તેઓએ સંભવિત પુસ્તક દાતાઓનો સંપર્ક સાધ્યો અને સામાજિક કારણસર બધા મરાઠી પુસ્તકપ્રેમીઓને અપીલ કરી કે તેઓ પુસ્તકોનું દાન કરે. આ વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયા પર હેશટેગ્સ સાથે # એક ઘર એક પુસ્તક # પુસ્તક સાથે સેલ્ફી અભિયાન ચલાવ્યું હતું જેના પછી લોકોએ ઘણા બધા પુસ્તકો કુરિયર કર્યા હતા. આ અભિયાનથી છેલ્લા બે વર્ષમાં ૫૪૦૦૦ પુસ્તકો ભેગા કર્યા હતા. યુવાનોઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પુસ્તકોનો પણ ભેગા કર્યા હતા.

તેઓએ પહેલી લાઈબ્રેરી કોલ્હાપુરમાં મુક્ત સૈનિક વસાહતમાં સ્થાપી હતી જેનું ઉદ્ઘાટન જેએનયુ વિદ્યાર્થીઓના નેતા કન્હૈયા કુમાર દ્વારા કરવામાં આવ્યું હતું. અન્ય લાઈબ્રેરીઓમાં એક લાઈબ્રેરી શાહ્વાડી તાલુકામાં ઉખાલુ ગામમાં અને બીજી લાઈબ્રેરી જિલ્લાના પન્હાલ તાલુકાના બાબરવાડી ગામમાં આવેલી છે.

આ યુવાનોએ ૧૮ ગામોમાં લાઈબ્રેરી સ્થાપવાનું આયોજન કર્યું છે અને બધાને પુસ્તકોનું દાન કરવાની અપીલ કરવામાં આવી છે.

**Source|** https://timesofindia.indiatimes.com

**સ્ટ્રાઇડ સંશોધન ક્ષમતા નિર્માણ તેમજ બેઝિક, અપલાઈડ અને ટ્રાંસફરમેશનલ એકશન રિસર્ચને સમર્થન આપશે જે રાષ્ટ્રીય હિતમાં ફાળો આપી શકે છે:-**

યુજીસી એ એક નવી સ્કીમ- 'સ્કીમ ફોર ટ્રાંસ-ડિસિપ્લીનરી રિસર્ચ ફોર ઇન્ડિયા'સ ડેવલપિંગ ઈકોનોમી (સ્ટ્રાઇડ)' ને મંજૂરી આપી છે. સ્ટ્રાઇડ એવા પ્રોજેક્ટને ટેકો આપે છે જે સામાજિક રીતે સુંસગત હોય, સ્થાનિક રીતે આધારિત હોય, રાષ્ટ્રીય સ્તરે મહત્વ ધરાવતા હોય અને વૈશ્વિક સ્તરે નોંધપાત્ર હોય. સ્ટ્રાઇડ સંશોધન નિર્માણ તેમજ બેઝિક, અપલાઈડ અને ટ્રાંસફરમેશનલ એક્શન રિસર્ચને સમર્થન આપશે જે રાષ્ટ્રીય હિતમાં ફાળો આપી શકે છે. યુનિયન એચઆરડી મિનિસ્ટર રમેશ પોખરિયાલ નિશાંક કહે છે કે, "સ્ટ્રાઇડ યોજના કોલેજ અને યુનિવર્સીટીઓમાં સંશોધન સંસ્કૃતિ અને નવીનતાને મજબૂત બનાવશે, અને ભારતની વિકાસશીલ અર્થવ્યવસ્થામાં સહયોગી સંશોધન સાથે યોગદાન આપવા વિધાર્થીઓ અને ફેકલ્ટીને મદદ કરશે.

## સ્ટ્રાઇડ ના હેતુઓ :-

૧) યુવાન પ્રતિભાને ઓળખવા, સંશોધન સંસ્કૃતિને મજબૂત બનાવવા, ક્ષમતા નિર્માણ કરવા, નવીનીકરણને પ્રોત્સાહન આપવા અને ભારતની વિકસિત અર્થવ્યવસ્થા અને રાષ્ટ્રીય વિકાસ માટે ટ્રાન્સ- ડિસિપ્લીનરી રિસર્ચ ની સહાય કરવી.
૨) માનવતા અને માનવ વિજ્ઞાનમાં બહુ સંસ્થાકીય નેટવર્ક ના સારા સંશોધન પ્રોજેક્ટ્ને ભંડોળ પૂરું પાડવા.

## સ્ટ્રાઇડના ઘટકો :-

ઘટક ૧: યુનિવર્સિટીઓ અને કોલેજોમાં સંશોધન અને નવીનતા સાથે પ્રેરિત યુવાન પ્રતિભાને ઓળખવાનો પ્રયત્ન કરશે. આ યોજના સ્થાનિક, પ્રાદેશિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સમસ્યાઓ માટે વ્યવહારિક ઉકેલોને નવીનીકરણ કરવા માટે યુવાન પ્રતિભાઓને માર્ગદર્શન, પાલન અને સમર્થન દ્વારા વિવિધ શાખાઓમાં સંશોધન ક્ષમતા નિર્માણ પ્રદાન કરશે. આ ઘટક 1 કરોડ સુધીની ગ્રાન્ટ માટે તમામ શાખાઓ માટે ખુલ્લું છે.

ઘટક ૨: સમાજ નવીનકરણની મદદથી સમસ્યા નિવારણ કુશળતા વધારવા, લોકોની સુખાકારી સુધારવા અને ભારતની વિકસિત અર્થવ્યવસ્થામાં ફાળો આપવા માટે એકશન રિસર્ચ માટે મુખ્યત્વે હશે. આ યોજના હેઠળ યુનિવર્સિટીઓ, સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઉદ્યોગો વચ્ચે સહકારને પ્રોત્સાહન આપવામાં આવે છે. આ ઘટક 50 લાખથી 1 કરોડ સુધીના ગ્રાન્ટ માટે તમામ શાખાઓ માટે ખુલ્લું છે.

ઘટક ૩: અગ્રણી સંસ્થાઓના જાણીતા વૈજ્ઞાનિકોના રાષ્ટ્રીય નેટવર્ક દ્વારા માનવતા અને માનવીય વિજ્ઞાનમાં સારા સંશોધન પ્રોજેક્ટને ભંડોળ પૂરું પાડશે. આ ઘટક હેઠળ ભંડોળ મેળવવા માટે યોગ્ય વિષયો છે: ફિલોસોફી, હિસ્ટ્રી, પુરાતત્વ, માનવશાસ્ત્ર, મનોવિજ્ઞાન, લિબરલ આર્ટસ, ભાષાશાસ્ત્ર, ભારતીય ભાષાઓ અને સંસ્કૃતિ, ભારતીય જ્ઞાન સિસ્ટમો, કાયદો, શિક્ષણ,જર્નાલિઝમ, માસ કમ્યુનિકેશન, કોમર્સ, મેનેજમેન્ટ, પર્યાવરણ અને ટકાઉ વિકાસ. આ ઘટક માટે ઉપલબ્ધ ગ્રાન્ટ એક એચઈઆઈ(HEI) માટે 1 કરોડ સુધી અને બહુ સંસ્થાકીય નેટવર્ક માટે 5 કરોડ સુધી છે. માનવતામાં ઉચ્ચ ગુણવત્તાની ઉચ્ચ અસર સંશોધનને પ્રોત્સાહિત કરવા, નિષ્ણાતોને ઓળખવાની અને દરખાસ્તને વિકસાવવા માટે તેમને આમંત્રણ આપવાની જોગવાઇ છે. યુજીસી દરખાસ્તો વિકસાવવા માટે રૂ. 2 લાખની ગ્રાન્ટ પ્રદાન કરવાની દરખાસ્ત કરી રહી છે.

## એપ્લિકેશન જમા કરાવવાની છેલ્લી તારીખ :-

એપ્લિકેશન ઓનલાઇન જમા કરવાની છે.

સ્ટ્રાઇડ વેબ પોર્ટલ 31 જુલાઈ 2019 સુધીમાં અરજીઓ મેળવવા માટે ખુલ્લું રહેશે. ગ્રાન્ટનો

એવોર્ડ પ્રોજેક્ટ દરખાસ્તના મેરિટના આધારે રહેશે. નિષ્ણાત સમિતિઓ દ્વારા પીઅર રીવ્યુ અને મૂલ્યાંકનની સહાયથી સ્ટ્રાઇડ યોજનાની દરખાસ્તોને કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવામાં આવશે. શોર્ટલિસ્ટેડ અરજદારોને રજૂઆત માટે બોલાવવામાં આવશે.

**ડેટાબેઝ :-**

શ્રી આર. સુબ્રમણ્યમ, એચઆરડી મિનિસ્ટરના સેક્રેટરી એ જણાવ્યુ કે, નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન પાસે 608 થી વધુ જીલ્લાઓમાંથી 3 લાખથી વધુ તકનીકી વિચારોનો ડેટાબેઝ છે જેનો અભિવ્યક્ત (ફેલાવો) થવાની રાહ જોઈ રહ્યું છે. સ્ટ્રાઇડ યોજના ભારતના વિકાસશીલ અર્થતંત્ર માટે આ જ્ઞાન સંસાધનોનું અભિવ્યક્ત (ફેલાવો) કરવા માટે સહયોગી સંશોધન હાથ ધરવા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીને મદદ કરશે.

**Source:-**
**https://www.indiatoday.in/education-today/news/story/ugc-approves-stride-to-boost-research-projects-in-india-1559794-2019-07-01https://www.thestatesman.com/india/ugc-approves-stride-boost-research-projects-1502772831.html**

**આ અંકની માહિતી આપનાર શ્રી પ્રહલાદ જાધવ, વરિષ્ઠ ગ્રંથપાલ, ખેતાન એન્ડ કંપની, મુંબઈ.**